ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વકર્યો : શહેર-જિલ્લામાં કોરોનાના ૧૨ કેસ

**શહેરના સે. ૮ માં એક જ પરિવારના ત્રણ સભ્યો કોરોનામાં સપડાયા : સે. ૨૬માં બે, સે. ૨ અને સે. ૬ માંથી એક-એક કેસ : ગાંધીનગર તાલુકામાં ૩, દહેગામ-માણસામાં ૧-૧ કેસ નોંધાયો : શહેર-જિલ્લામાં ૨૧ને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૭ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૫ નવા કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં આજે ૨૧ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર જિલ્લામાં ઓમિક્રોનનો સબ વેરિએન્ટ દેખાયો છે. તંત્ર દ્વારા કેસોની ગતિ વધતાં હવે નવી રણનીતિ મુજબ ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટ પર ભાર મુકવામાં આવ્યો છે. શહેર-જિલ્લામાં સરેરાશ ૧૨૦૦ જેટલા નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવી રહ્યા છે.

કોરોનાના કેસોની ગતિ વધી છે પણ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત છે. જો કે મોટાભાગના દર્દીઓમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

શહેર-જિલ્લામાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેથી તંત્ર ચિંતીત જરૂર છે જો કે છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્ર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું જણાવી રહેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૫ કેસ નોંધાયા છે. દહેગામમાં એક, ગાંધીનગરમાં ૩ અને માણસામાં એક કેસ નોંધાયો છે. દહેગામ અને માણસામાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રમાં ચિંતા અને દોડધામ વધી જવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસોમાં બે ખેડૂત, બે નિવૃત્ત અને એક ગૃહીણીનો સમાવેશ થાય છે.

દહેગામના નાંદોલ ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગરમાં છાલા ગામેથી ૬૦ વર્ષીય પુરૂષ, વીરા તલાવડી ગામેથી બે કેસ મળ્યા છે. જેમાં ૨૫ વર્ષીય ગૃહીણી અને ૪૫ વર્ષીય ખેડૂતનો સમાવેશ થાય છે.

માણસા અર્બન વિસ્તારમાંથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા શહેરમાં સંક્રમણના કેસોમાં જે રીતે વધારો થઈ રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને બધા દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૭ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા ૭ કેસમાં ૩ મહિલા દર્દી છે. બે દર્દી સિનીયર સિટીજન છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓમાં કોઈ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે. આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા અને તેમના સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેટ કરવાની કામગીરી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓ સેક્ટરોમાંથી મળી આવ્યા છે. તમામ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં આજે સે. ૮માંથી ૩, સે. ૨૬માંથી બે, સે. ૬ અને સે. ૨ માંથી એક-એક કેસ મળી આવેલ છે. શહેરના સે. ૮માં એક જ પરિવારના ત્રણ સભ્યો કોરોનાથી સંક્રમિત થયા છે.

સે. ૬માં ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૬માં ૩૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૫ વર્ષીય પુરૂષનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૮માં માતા-પિતા અને પુત્રી એમ એક જ પરિવારના ત્રણ સભ્યોનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨ માંથી ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જુના સંવેદનશીલ વિસ્તારોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં પહેલીવાર એક જ પરિવારના ત્રણ સભ્યો સંક્રમિત થતાં પણ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરી વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા, જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તેમજ ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા સાથે આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવવામાં આવ્યુ છે.

## ગાંધીનગર કલેક્ટર તરીકે હિતેષ કોયાએ હોદ્દો સંભાળ્યો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા કલેક્ટર તરીકે નિયુક્ત થયેલા હિતેષ કોયાએ આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

જિલ્લા કલેક્ટર તરીકે સાબરકાંઠા ખાતે તેઓ ફરજો બજાવતા હતા. તેઓ અગાઉ સુરત, ગાંધીનગરમાં પણ ફરજો બજાવી ચુક્યા છે. આજે કલેક્ટર તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ તેઓ સીધા જિલ્લા પંચાયત ખાતે પંચાયત પસંદગી મંડળ દ્વારા યોજાનાર ક્લાર્ક સંવર્ગની પરીક્ષા માટે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં હાજરી આપવા પહોંચ્યા હતા.

જિલ્લા કલેક્ટર તરીકે સુ.શ્રી પ્રવિણા ડી.કે.એ શનિવારે સાંજે ચાર્જ છોડી દીધો હતો તેઓ આજે સવારે અમદાવાદ કલેક્ટર તરીકે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી લીધો છે.



આ પણ ગાંધીનગર... - તસવીર ઈન્દ્રોડા ઉદ્યાનની નથી... શહેરના પૂર્ણ વિકસિત એટલે કે સેક્ટર-૫ના રહેણાંક વિસ્તારની છે... આજુબાજુની ઝાડીમાં નીલગાય કોઈપણ જાતના નિયંત્રણ વગર બેફિકર દોડાદોડી કરતી હોય છે... નગરજનોની અવરજવર દરમિયાન સતત ભય રહેતો હોય છે કે, ક્યારેક નીલગાય ઝપટમાં તો નહિ લેને... આ વાત એક સેક્ટરની નથી... શહેરના નવા સેક્ટરોમાં આવા દૃશ્યો રોજીંદા બનતા જાય છે... ઈન્દ્રોડા ઉદ્યાન ગાંધીનગરનું ગૌરવ જરૂર છે પરંતુ નીલગાયો માનવ વસાહતમાં વ્યાપક પ્રમાણમાં ફરતી જોવા મળે છે જે ચિંતાનજક છે... અનેક વખત અલગ-અલગ સંસ્થાઓ દ્વારા રજૂઆતો કરાયા છતાં કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી...

## ગુજકેટની પરીક્ષા શાંતિપુર્ણ સંપન્ન, ૩૮૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

**પરીક્ષા દરમિયાન કોઇપણ ગેરરીતીનો કેસ નોંધાયો નથી : ભૌતિક વિજ્ઞાન અને રસાયણશાસ્ત્રમાં ૧૮૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા**

ગાંધીનગર તા ૩

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના અંતે આજે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી જિલ્લામાંથી નોંધાયેલા ૫૭૨૦ વિદ્યાર્થીઓ પૈકી વિવિધ વિષયની પરીક્ષામાં કુલ ૩૮૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષા લેવામાં આવી હતી બોર્ડ પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતા શિક્ષણતંત્રએ પણ હાંશકારો અનુભવ્યો છે. જયારે વિદ્યાર્થીઓ પણ પરીક્ષાના અંતે હળવાફુલ મુડમાં જોવા મળે છે.

વિજ્ઞાન પ્રવાહમાં એન્જિન્યિરીંગ તેમજ પેરામેડિકલ ક્ષેત્રે આગળ અભ્યાસ કરવા માટે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા યોજવામાં આવી હતી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાંથી ૫૭૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે આજે સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. દિવસ દરમિયાન વિવિધ મુખ્ય વિષયના પ્રશ્નપત્રોની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી જેમાં ગણિત, જીવવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનો સમાવેશ થાય છે. ગુજકેટની પરીક્ષામાં કુલ ૩૮૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જયારે આ પૈકી ગણિતમાં ૨૧૬૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૭૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

આ ઉપરાંત જીવવિજ્ઞાનની પરીક્ષામાં ૩૩૬૬ વિદ્યાર્થીઓની હાજરી રહી હતી જયારે ૧૨૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી આ ઉપરાંત ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનની કસોટીમાં કુલ ૫૭૩૮ વિદ્યાર્થીઓ પૈકી ૫૫૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૧૮૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી જિલ્લામાં કુલ

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટરોમાં ૨૨ બોર કાર્યરત છતાં પ્રતિદિન ૮ એમએલડી પાણીની ઘટ

**બોરનો ઉપયોગ પાણીની લાઈન ભરવા માટે થાય છે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે નર્મદાના પાણી ઉપરાંત સેક્ટરોના બોરનો પણ ઉપયોગ કરવામાં આવે છે જો કે સેક્ટરોના બોરની સંખ્યા પણ હવે ૨૨ હોવા છતાં પાણી ની ઘટ ની સમસ્યા હલ થતી નથી આ બોર ચલાવીને ૧૨ એમએલડી પાણી મેળવાય છે જયારે આ સપ્લાય ઉપલબ્ધ ન થાય તો પાણીની ઘટ અંદાજિત ૨૦ એમ એલ ડી થાય પોહચે તેમ છે

પાટનગરમાં પીવા માટે નર્મદા કેનાલ આધારિત વ્યવસ્થા ગોઠવવામાં આવી તેને દોઢ દાયકો થવા આવ્યો છે. પરંતુ હાલમાં પણ દરેક ઘરે ૧૦૦ ટકા નર્મદાનું પાણી પહોંચતુ નથી. જયારે નર્મદાનું પાણી ઉપલબ્ધ ન હતું, ત્યારે પીવાના પાણીની વ્યવસ્થા બોર આધારિત હતી અને તમામ સેક્ટરમાં એક અથવા બે કે તેનાથી વધુ બોર કાર્યરત હતા. આ વેળાએ નગરમાં બોરની સંખ્યા ૫૦ જેટલી હતી. હાલમાં પાણી વિતરણ દરમિયાન ફોર્સ જળવાઈ રહે તેના માટે બોર ચલાવીને પાણી વિતરણની મેઈન લાઈનો ભરવામાં આવે છે અને ત્યાર બાદ ચરેડી અને સરિતા વોટર વર્કસ પરની ઉંચી ટાંકીઓમાંથી નર્મદાના પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જો કે હાલ સેક્ટરોમાં કાર્યરત હોય તેવા બોરની સંખ્યા ૨૨ છે. આ બોરમાંથી ૧૨ એમએલડી પાણી મેળવવામાં આવે છે. અલબત્ત આ પાણીનો ઉપયોગ લાઈન ભરવા માટે થાય છે. નભોઈ પમ્પિંગ સ્ટેશન પરથી અંદાજિત ૪૦ એમએલડી જેટલું પાણી પૂરું પાડવામાં આવે છે અને ગાંધીનગર શહેરમાં ૬૦ એમએલડીની પ્રતિદિન જરૂરિયાત છે જયારે બોરનું અને નર્મદાનું મળીને પાણીનો જથ્થો ૫૨ એમએલડી જ થતા ૮ એમએલડીની ઘટની સમસ્યા સર્જાય છે જો કે પાણીની ઘટ નિવારવા બોર પણ ઉપયોગી બને છે બોરના પાણી લેવામાં ન મળે તો ઘટ વધે છે અલબત્ત પ્રતિદિન ૨૦એમ એલ ડી ની ઘટ ઉદભવે હાલ સર્જાયેલી પાણીની ઘટ આકરી ગરમીના ટાણે નગરજનો માટે પરેશાનીનું કારણ બને તેવી સ્થિતિ છે.





જાહેર માર્ગો પર આવા દૃશ્યો અવારનવાર રાત્રીના જ જોવા મળે ત્યારે એક સવાલ તો થાય જ કે દિવસે કેમ આવી સવારી જોવા નહિ મળતી હોય ! ખરેખર માનવીને પોતાના જીવનની ચિંતા નહિ હોય ? થોડાક રૂપિયા કમાવા અને થોડોક સમય બચાવવા આવી જોખમી સવારી ભારે પડી શકે છે...

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

## ગુડામાં આવાસ યોજનાના અરજદારોની ડિપોઝીટની રકમ ફસાતા ઉગ્ર આક્રોશ

**અધિકારીઓની બદલી થતા સહીના અભાવે અરજદારોના નાણા અટવાયા હોવાનો રોષ**

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળમાં છેલ્લા બે મહીનાથી વહીવટી કામગીરી જાણે ઠપ્પ થઈ ગઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આવાસ યોજનાના અરજદારો પણ ડિપોઝીટની રકમ પરત ન મળતા બુમ પાડી રહ્યા છે.ગુડાના મુખ્ય અધિકારીઓની સહીઓના અભાવે લાંબા સમયથી કામો પણ ઠપ્પ થઈ ગયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે આવાસ ઈચ્છુકોના નાંણા પણ ગુડામાં ફસાઈ ગયા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. છેલ્લા બે ત્રણ મહીનાથી ગુડામાં કોઈ ફાઈલનો પણ નિકાલ થતો નથી જયારે મુખ્ય અધિકારીઓની સહીના અભાવે પણ અગત્યની ફાઈલો અટવાઈ છે. જયારે આવાસ યોજના અન્વયે ડ્રો ના અંતે મકાન ન મળ્યા હોય તેવા અરજદારોને પણ ડિપોઝીટની રકમ પરત મળી નથી. આવાસ ઈચ્છુક અરજદારોના પૈસા ગુડામાંથી પરત ન મળતા અરજદારો પણ આર્થિક મુંઝવણ અનુભવી રહ્યા છે. ગુડા દ્વારા સરગાસણ , કુડાસણ અને વાવોલમાં વિવિધ આવાસ યોજનાના કામ પુર્ણ કરવામાં આવ્યા છે. જયારે આ ૬ આવાસ યોજના અન્વયે ૨૧૦૦ જેટલા આવાસોને અનુલક્ષી ડ્રો ની પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આ આવાસો માટે અરજદારોએ ઉત્સાહ પુર્વક ફોર્મ પણ ભર્યા હતા જો કે ડ્રો ના અંતે હજુ અરજદારોને તેમના ડીપોઝીટની રકમ પરત મળી નથી. આવાસોને અનુલક્ષીને મોટી સંખ્યામાં અરજીઓ પણ ગુડાને મળી હતી જેના લીધે તમામને મકાન મળ્યા નથી પરંતુ ડ્રોમાં ભાગ લેવા માટે અરજદારોએ ભરેલી ડીપોઝીટની રકમ ભરવાનુ ફરજિયાત હોવાથી આ અરજદારો હાલ ડીપોઝીટ પરત મેળવવા માટે હેરાનગતિ વેઠી રહ્યા છે. ઘણાં અરજદારોએ ડીપોઝીટની રકમ પરત મેળવવા માટે અરજી કરી છે. જો કે લાંબા સમયના અંતે પણ તેનો નિકાલ કરવામાં આવ્યો નથી. હાલ ગુડામાં ચેરમેન અને કારોબારી અધિકારીની બદલી પણ થઈ ગઈ છે. જયારે નવા અધિકારીઓએ હજુ ચાર્જ સંભાળ્યો નથી જેના લીધે હજુ પણ આ અરજીઓ નિકાલ વિના જ પડતર રહેશે તેવી સ્થિતિ સર્જાઈ છે. આ અરજદારો મોટ ડીપોઝીટની રકમ પણ મહત્વની છે. કેમ કે આ અરજદારો બજારમાં માર્કેટ દરથી મકાન ખરીદી શકે તેવી સ્થિતિમાં નથી. જેના લીધે તેમના પરિવારોમાં પણ આર્થિક ભીંસ વચ્ચે સંઘર્ષની સ્થિતિ સર્જાઈ છે. મુખ્ય અધિકારીઓએ ગુડાના તંત્રની સાપેક્ષમાં મોટી જગ્યાએ બદલીથી કાર્યભાર સંભાળ્યો છે. પરંતુ તેમની સહીના અભાવે ઘણાં કામ અટવાઈ ગયા છે.

## જિલ્લામાં ૪ માસમાં જ ધર્મપરિવર્તન માટે ૧૦૦થી વધુ અરજીઓ મળી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચારેક માસથી ધર્મપરિવર્તન માટેની અરજી કરનારાઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦૦થી વધુ લોકોએ તંત્ર પાસે ધર્મપરિવર્તન કરવાની મંજૂરી માંગી છે.

જિલ્લામાં ધર્મપરિવર્તનની આટલી મોટી સંખ્યામાં અરજીઓ મળતાં તે અંગે જરૂરી તપાસ કરવાની સૂચનાઓ સાથે અધિકારીઓને અભિપ્રાય આપવા જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે હિન્દુ ધર્મ છોડી બૌદ્ધ ધર્મ અને અન્ય ધર્મ અંગીકાર કરવાની મંજૂરી માંગવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. સમાનતાની માંગણી સાથે આ અરજીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

૪ જ મહિનામાં આટલી મોટી સંખ્યામાં ધર્મપરિવર્તનની અરજીઓ તંત્રને મળી છે. ધર્મપરિવર્તન અંગે અગાઉ અરજીઓ છુટી છવાઈ મળતી હતી પરંતુ જે રીતે અરજીઓ આવી રહી છે તેને લઈ તંત્ર પણ ચોંક્યુ છે. ધર્મપરિવર્તન માટે તંત્રની મંજૂરી લેવી જરૂરી છે તેથી આ અરજીઓ કરવામાં આવી રહી છે. જિલ્લામાં ધર્મપરિવર્તનની આટલી મોટી સંખ્યામાં આવેલી અરજીઓને લઈ તંત્ર પણ ગંભીર બન્યુ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com